સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.),
જિ.બોટાદ માટે નવું મકાન ભાડેથી
રાખવાના સુધારા ઠરાવ બાબત.

# ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**ઠરાવ ક્રમાંકઃ SJED/EAA/e-file/17/2023/2568/A-1**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૨૮/૧૧/૨૦૨૩નો સમાનાંકી ઠરાવ.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો તા.૧૮/૦૬/૨૦૨૪નો પત્ર ક્રમાંક: વિજાક/સછા/મ.ભા./૨૦૨૪-૨૫/૩૯૧ અને તા.૦૧/૦૮/૨૦૨૪નો પત્ર ક્રમાંક:વિજાક/સછા/મ.ભા./૨૦૨૪-૨૫/૮૦૮.

**આમુખઃ-**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના તા.૨૮/૧૧/૨૦૨૩ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જિ.બોટાદ માટે શ્રી હમીદ મનસુરઅહ્લી પ્યારઅલીની માલિકીનું પ્લોટ નં.૫૩, આનંદધામ રેસીડેન્સી, નવકાર ફ્લેટની પાસે, પાળીયાદ રોડ, બોટાદ ખાતે આવેલ મકાન માસિક રૂા.૩૮,૩૮૩/-(અંકે રૂપિયા આડત્રીસ હજાર ત્રણ સો ત્યાશી પૂરા) પ્રમાણે તા.૩૦/૧૧/૨૦૨૪ સુધી ભાડેથી રાખવા મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિ.જા.ક. દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરના તા.૧૮/૦૬/૨૦૨૪ અને તા.૦૧/૦૮/૨૦૨૪ના અલગ-અલગ પત્રોથી સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જિ.બોટાદ માટે શ્રી હમીદ મનસુરઅહ્લી પ્યારઅલીની માલિકીનું પ્લોટ નં.૫૩, આનંદધામ રેસીડેન્સી, નવકાર ફ્લેટની પાસે, પાળીયાદ રોડ, બોટાદ ખાતે આવેલ મકાન માસિક રૂા.૩૮૩૮૩/- (અંકે રૂપિયા આડત્રીસ હજાર ત્રણ સો ત્યાશી પૂરા) પ્રમાણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ સુધી ભાડેથી રાખવા મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી, જે બાબત વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે, સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જિ.બોટાદ માટે શ્રી હમીદ મનસુરઅહ્લી પ્યારઅલીની માલિકીનું પ્લોટ નં.૫૩, આનંદધામ રેસીડેન્સી, નવકાર ફ્લેટની પાસે, પાળીયાદ રોડ, બોટાદ ખાતે આવેલ મકાન માસિક રૂા.૩૮૩૮૩/- (અંકે રૂપિયા આડત્રીસ હજાર ત્રણ સો ત્યાશી પૂરા) પ્રમાણે તા.૩૦/૧૧/૨૦૨૪ સુધી ભાડે રાખવાના સ્થાને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી ભાડેથી રાખવા આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના તા.૨૮/૧૧/૨૦૨૩ના ઠરાવની ઉપરોક્ત સિવાયની તમામ શરતો અને જોગવાઈઓ યથાવત રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી, (સા.ન્યા)ની તા. ૦૯/૦૮/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KETANKUMAR ADHELABHAI DAMOR
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 12-Aug-2024 (11:05 AM)

(કેતન ડામોર)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ગુજરાત સરકાર

**નકલ રવાનાઃ-**

- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બોટાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.), બોટાદ (નિયામકશ્રી, વિ.જા.ક.ની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઈટ પર મૂકવા સારૂં.
- સિલેકટ ફાઈલ-૨૦૨૪.